# VASISHTHA GENESIS SCHOOL, BARDOLI

**(Academic Session: 2026-27)**

**Date: ________ Class:4 Div:B Roll No: ______ Sub:2LGujarati**

**Name: ________________________________ Worksheet: Essay**

## નવરાત્રી

આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના દિવસોને ‘નવરાત્રિ’ કહે છે.

અંબામાતાએ મહિષાસુર રાક્ષસ સાથે નવ દિવસ સુધી યુદ્ધ કર્યું. દસમા દિવસે મહિષાસુર રાક્ષસ મરાયો. લોકો મહિષાસુર રાક્ષસના ત્રાસમાંથી છૂટ્યા. તેના આનંદમાં લોકો નવરાત્રિનો તહેવાર ઊજવે છે.

શેરીએ શેરીએ લોકો મંડપ બાંધે છે. તેમાં માંડવી કે માતાજીનો ફોટો મૂકે છે. રાતે સ્ત્રી, પુરુષો અને બાળકો નવાં કપડાં પહેરી મંડપમાં ભેગાં થાય છે અને માતાજીના ગરબા ગાય છે. છેલ્લે માતાજીની આરતી થાય છે અને પ્રસાદ વહેંચાય છે. નવરાત્રિમાં દાંડિયારાસ રમવાની ખૂબ મજા આવે છે.

નવરાત્રિમાં ગરબા હરીફાઈ પણ યોજવામાં આવે છે.નવરાત્રિમાં કેટલાક લોકો ઉપવાસ કરે છે. તેઓ નવ દિવસ જ માતાજીની સેવાપૂજા કરે છે. નવરાત્રિ આપણો ધાર્મિક તહેવાર છે.

## દિવાળી

દિવાળી આસો મહિનાની અમાસે આવે છે.

નવરાત્રિ પછી લોકો દિવાળીની તૈયારી કરે છે. તેઓ ઘરની સફાઈ કરે છે. ઘર રંગાવે છે. વાસણો માંજીને ચકચકિત કરે છે. નવાં કપડાં, વાસણો, ફટાકડા વગેરેની ખરીદી કરે છે. જાતજાતની મીઠાઈઓ બનાવે છે.

દિવાળીનો તહેવાર પાંચ દિવસનો છે : ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ. દિવાળીમાં લોકો ઘરને રોશનીથી શણગારે છે. બહેનો આંગણામાં સાથિયા પૂરે છે અને દીવા મૂકે છે. વેપારીઓ ચોપડાપૂજન અને લક્ષ્મીપૂજન કરે છે. લોકો દેવમંદિરે દર્શન કરવા જાય છે. બેસતા વર્ષના દિવસે લોકો એકબીજાને 'સાલમુબારક' કહે છે. કેટલાક લોકો સગાંસંબંધીઓને દિવાળીકાર્ડ મોકલે છે. શાળામાં દિવાળીની રજાઓ હોય છે. બાળકોને નવાં કપડાં પહેરી ફટાકડા ફોડવાની ઘણી મજા પડે છે.

દિવાળી આપણો મોટો ધાર્મિક તહેવાર છે